૨ ત્રવાડી રૂગનાથ પ્રાગજી	૫૦	ગુજરાતી	પોલીસપટેલ	૧	૦	૦	
,, રેવાશંકર રૂગનાથ	૧૮	સદર	ભણે છે	૦	૦	૦	
,, અમ્રતલાલ રૂગનાથ	૯	ભણે છે	સદર	૦	૦	૦	
,, વ્રજલાલ રૂગનાથ	૫	સદર	સદર	૦	૦	૦	
,, મગનલાલ રૂગનાથ	૧	બાળક	૦	૦	૦	૦	
૮				૩	૦	૦	કુલ માણુસ ૧૧

ઓરના જથ્થાની તારીજ.

કુલ ઘર	કુલ પુરૂષ	કુલ સ્ત્રીઓ	કન્યાઓ	કુલ વિધવાઓ	કુલ માણુસો
૩	૧૪	૫	૨	૦	૨૧

ભાલ જથ્થો.

રત્નપુર (ચાડા)

૧ ત્રવાડી કેશવજી વાલજી	૩૮	ગુ. સા.	ધરધંધો	૧	૧	૦	
૬				૧	૧	૦	કુલ માણુસ ૩

૨ રોહીસાળા. (ગોતીયા.)

૧ ત્રવાડી હરજીવન ભાઇજી	૫૦	સેકન્ડીગર રા. કૉ.	પેન્સનર–વૈદું	૧	૨	૦	પેન્શનર શિક્ષક છે.
,, રૂગનાથ હરજીવન	૨૦	ગુજરાતી	વૈદું.	૦	૦	૦	
૨ ત્રવાડી કરૂણાશંકર જુઠા	૩૨	સદર	ધરધંધો	૧	૩	૧	
,, પરમાનંદ કરૂણાશંકર	૮	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
,, પ્રાણજીવન જુઠા	૩૦	ગુજરાતી	વૈદું; જ્યો.	૦	૦	૦	
,, દુર્લભજી જુઠા	૨૮	સદર	નોકરી	૦	૦	૦	પોસ્ટમેનછે નિંગાળા
,, ભગવાનજી મહાદેવ	૧૮	સદર	સદર	૦	૦	૦	મુળ ધરાઇ પોસ્ટમેનછે
૩ ત્રવાડી નરભેરામ મહાદેવ	૩૫	ગુજરાતી	ધરધંધો	૧	૦	૦	
૪ બાઈ ઉજમ	૩૫	વિધવા		૦	૦	૧	
૮				૩	૫	૨	કુલ માણુસ ૧૮

૩ ચારણુકી. (ખસ) (તણુખા.)

૧ ત્રવાડી જેઠા નરશી	૫૦	સાધા. ગુજ.	ઘરધંધો	૧	૧	૦	
,, સુખલાલ જેઠા	૨૫	સદર	સદર	૧	૧	૦	
,, નાનુ સુખા	૮	બાળક	૦	૦	૦	૦	
૨ ત્રવાડી ઉમીયાશંકર દયારામ	૩૯	ગુજરાતી	વેપાર	૧	૧	૦	
,, ગૌરીશંકર ઉમીયાશંકર	૮	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
,, મહીપત ઉમીયાશંકર	૫	૦	૦	૦	૦	૦	
,, દુલભ ઉમીયાશંકર	૬ માસ	બાળક	૦	૦	૦	૦	
૩ ત્રવાડી આત્મારામ જેકૃષ્ણ	૩૭	ગુ. જ્યો.	ખેડ—જ્યો.	૦	૦	૧	
,, ભવાનીશંકર જેકૃષ્ણ	૩૨	સદર	સદર	૦	૦	૦	
,, પ્રભાશંકર ઓધડ	૧૬	ગુજરાતી	ઘરધંધો	૦	૦	૦	
—				—	—	—	
૧૦				૩	૩	૧	કુલ માણુસ ૧૮

* ૪ સમઢીયાળા. (ઘેલાશાના ખરવાળા થઇ) (તણુખા.)

				સ્ત્રીઓ	કન્યાઓ	
૧ ત્રવાડી હરજીવન હરીભાઇ	૭૧	જ્યોતિષિ	વેપાર	૦	૦	*આ ગામમાં સ-
,, દલપતરામ હરજીવન	૪૦	ગુ. સાધારણ	સદર	૧	૨	ધવા વિધવાનું ૨૫-

,, રતીલાલ દલપતરામ	૧૭	ગુ. પાં. ધો.	અભ્યાસ	:	૦	૦	છિકરણ કરેલું નથી. ભાવનગર છે.
નાનકો	૩	બાળક	૦		૦	૦	
,, જીવરામ હરજીવન	૬૦	ગુ. સાધારણ	વેપાર		૦	૦	
,, શિવશંકર જીવરામ	૧૫	ત્રી. ધો. ગુજ.	અભ્યાસ		૦	૦	
,, જટાશંકર જીવરામ	૬	ભણે છે	સદર		૦	૦	
૨ પાઠક પુરૂષોત્તમ આત્મારામ	૩૫	સાધારણ ગુ.	વેપાર		૧	૨	
નાનકો	૧	૦	૦		૦	૦	
૩ ત્રવાડી કાશીરામ અંબારામ	૪૫	સાધારણ ગુ.	વેપાર		૧	૦	
,, પ્રભાશંકર કાશીરામ	૨૫	૭ ધો. ગુ.	સદર		૦	૦	
,, જટાશંકર કાશીરામ	૧૮	સાધારણ ગુ.	સદર		૧	૦	
૪ ત્રવાડી કહાનજી અંબારામ	૪૦	સાધારણ	સદર		૦	૦	
,, મોહનલાલ કહાનજી	૨૦	૭ ધોરણ ગુ.	સદર		૧	૧	
,, લાલજી કહાનજી	૧૫	સદર	અભ્યાસ		૦	૧	
૫ ત્રવાડી વાલજી અંબારામ	૩૮	સાધારણ	ધરધંધો		૧	૨	
,, નન્દલાલ વાલજી	૧૬	૭ ધો. ગુ.	અભ્યાસ		૦	૦	અમદાવાદમાં સંસ્કૃત ભણે છે.
૧૭					૬	૭	કુલ માણસ ૩૦

ભાલ જથ્થાની તારીજ.

કુલ ઘર	કુલ પુરૂષ	કુલ સ્ત્રીઓ	કન્યાઓ	કુલ વિધવાઓ	કુલ માણસો
૧૩	૩૬	૧૩	૧૬	૩	૬૮

આથમણાનાં છુટ્ટાં ગામો.

૧ બેલા. (પાલીતાણા) (પાઠક)

૧ પાઠક લક્ષ્મીરામ કાળીદાસ	૫૫	ગુજરાતી	વેપાર	૧	૦	૦
,, વ્રજલાલ લક્ષ્મીરામ	૩૦	સદર	સદર	૧	૧	૦
,, જગજીવન વ્રજલાલ	૫	ભણે છે	અભ્યાસ	૦	૦	૦
,, ભગવાન વ્રજલાલ	૩	બાળક	૦	૦	૦	૦
,, અમ્રતલાલ લક્ષ્મીરામ	૧૨	ભણે છે	અભ્યાસ	૦	૦	૦
૨ પાઠક ગૌરીશંકર કાળીદાસ	૩૫	ગુજરાતી	વેપાર	૧	૩	૦
,, વીઠલ ગૌરીશંકર	૧૩	ભણે છે	અભ્યાસ	૦	૦	૦
,, પ્રભુજી ગૌરીશંકર	૪	બાળક	૦	૦	૦	૦
શાન્તીલાલ ગૌરીશંકર	૧	સદર	૦	૦	૦	૦
૩ બાઇ મોતી	૫૦	વિધવા	૦	૦	૦	૧
૪ પાઠક રતનજી પ્રાણજીવન	૨૫	ગુજરાતી	વેપાર	૧	૨	૧

૫ પાઠક વાલજી દુર્લભરામ	૩૫	૦	રામલીલા	૦	૦	૧	
૬ પાઠક જયશંકર દયારામ	૫૦	સંસ્કૃત	કથાવાર્તા	૧	૦	૦	
,, મહાદેવ જયશંકર	૩૦	ગુજરાતી	ઘરધંધો	૧	૧	૦	
૭ પાઠક પુરૂષોત્તમ દયારામ	૩૮	સદર	વેપાર	૧	૨	૦	
ટપુ પુરૂષોત્તમ	૨	બાળક	૦	૦	૦	૦	
૧૫				૭	૯	૩	કુલ માણુસો ૩૪

૨ ઉમરડા. (બડેલા, ચાનખેડીયા.)

૧ ત્રવાડી દયારામ કરસનજી	૫૦	સાધારણ	યજમાનવૃત્તિ	૧	૧	૦	
,, કરૂણાશંકર દયારામ	૩૨	સદર	સદર	૦	૦	૦	
,, પોપટ દયારામ	૧૭	ગુજરાતી	ભણે છે	૦	૦	૦	
,, હરીશંકર જગજીવન	૪૦	સદર	વેપાર	૧	૦	૦	
૨ ત્રવાડી રેવાશંકર હરીશંકર	૧૦	અભ્યાસ	૦	૦	૦	૦	
૩ ત્રવાડી રેવાશંકર જયશંકર	૩૫	ગુજરાતી	સદર	૧	૦	૦	
૫				૩	૧	૦	કુલ માણસ ૯

૩ મેસણુકા. (ચાનખેડીયા.)

૧ ત્રવાડી દયારામ વીરજી	૪૫	ગુજરાતી	ખેતી-વેપાર	૧	૧	૦
,, જટાશંકર દયારામ	૨૦	સદર	નોકરી	૧	૦	૦
,, ટપુ દયારામ	૧૨	ભણેછે	અભ્યાસ	૦	૦	૦
૨ ત્રવાડી કુબેર વીરજી	૪૨	ગુજરાતી	ખેતી-વેપાર	૧	૧	૦
,, નાનુ કુબેર	૨૦	સદર	નોકરી	૧	૦	૦
,, ધુંસા કુબેર	૧૦	સદર	૦	૦	૦	૦
,, ટપુ કુબેર	૩	બાળક	૦	૦	૦	૦
૩ ,, મનસુખ વીરજી	૩૫	ગુજરાતી	ગ્રામ્યશિક્ષક	૧	૦	૧
૮				૫	૨	૧ કુલ માણસ ૧૬

૪ ઢસા. (જાની.)

૧ જાની મુળજી કાળા	૫૦	ગુજરાતી	ધરંધંધો	૧	૧	૦
,, પોપટલાલ મુળજી	૭	ભણે છે	અભ્યાસ	૦	૦	૦
,, નાનુ મુળજી	૨	૦	૦	૦	૦	૦
૩				૧	૧	૦ કુલ માણસ ૫

૫ વીરડી. (ઢોલરીયા.)

૧ ત્રવાડી ગોપાળજી જયશંકર	૫૦	ગુજરાતી	યજમાનવૃત્તિ	૧	૨	૦	
„ મહાદેવ ગોપાળજી	૨૦	સદર	નોકરી	૧	૦	૦	સુરત છે.
૨ ત્રવાડી ભીમજી જમજીવન	૪૫	સદર	યજમાનવૃત્તિ	૧	૧	૦	
„ વ્રજલાલ ભીમજી	૨૨	સદર	વેપાર	૧	૧	૦	
૩ „ કહાનજી અંબારામ	૪૦	સદર	યજમાનવૃત્તિ	૧	૦	૦	
૮૫	૧	૦	૦	૦	૦	૦	
૬				૫	૪	૦	કુલ માણસ ૧૫

૬ જરીયા–ધોળા થઈ. (તણુખા.)

૧ ત્રવાડી વાલજી ભવાનીશંકર	૩૩	ગુજરાતી	ગીરણી	૧	૦	૦	મુંબઇ વીઠલવાડી-માં ગીરણી હતી.
„ કરૂણાશંકર ભવાનીશંકર	૩૦	સદર	સદર	૦	૦	૦	
„ નાનાલાલ ભવાનીશંકર	૨૭	સદર	સદર	૦	૦	૦	
૩				૧	૦	૦	કુલ માણસ ૪

૭ ખીજડીયા. (ઢાલીયા)

૧ ત્રવાડી દેવશંકર હરજીવનદાસ	૪૫	ગુજરાતી	કથાવાર્તા	૧	૦	૦

,, છગનલાલ દેવશંકર	૨૪	૯. ધો. ગુજ.	વેપાર	૧	૦	૦	આગ્રામાં છે.
,, રેવાશંકર દેવશંકર	૨૦	સદર	નોકરી	૦	૦	૦	દીલ્હી છે.
,, લલુભાઇ દેવશંકર	૧૫	નવા સાતમા ધો.	સદર	૦	૦	૦	હાથરસ છે.
,, વલ્લભ દેવશંકર	૧૧	છઠું ધો.	અભ્યાસ	૦	૦	૦	
,, રતીલાલ દેવશંકર	૭	બાળક		૦	૦	૦	
,, વ્રજલાલ દેવશંકર	૩	સદર	૦	૦	૦	૦	
,, ત્રિભુવન દેવશંકર	૬ માસ	સદર	૦	૦	૦	૦	
૨ ત્રવાડી ગીરધર પુરૂષોત્તમ	૧૫	નવું સાત ધો.	અભ્યાસ	૦	૦	૧	
૩ વિધવા બાઇ	૦	૦	૦	૦	૦	૧	
૯				૨	૦	૨	કુલ માણસો ૧૩

૮ વાવડી ગજાભાઇ. (માંડણુકા—કપડવંજ.)

૧ ત્રવાડી જયશંકર કલ્યાણજી	૫૫	ટ્રેન્ડ રાજકોટ કો.	નોકરી	૦	૦	૦	પેન્શનર ટાણામાં શિક્ષક છે.
,, દલપતરામ જયશંકર	૩૦	૭ ધો. ગુજ.	સદર	૧	૦	૦	બાબરા જમી કારકુન છે.
,, ધીરજલાલ દલપતરામ	૭	બાળક	૦	૦	૦	૦	
ટપુ દલપતરામ	૪	સદર	૦	૦	૦	૦	

	નાનકો દલપતરામ	૨	સદર	૦	૦	૦	૦	
	,, રતીલાલ જયશંકર	૨૭	સાત ગુજ.	નોકરી	૦	૦	૦	વીકજપડી શિક્ષક છે
	,, નાનાલાલ જયશંકર	૨૦	પાં. ધો. ઇંગ્રેજી	અભ્યાસ	૦	૦	૦	ભાવનગર ભણે છે
૨	ત્રવાડી વાલજી કહાનજી	૩૦	૭ ધો. ગુજ.	નોકરી	૦	૦	૦	
૩	ત્રવાડી ગીરધરલાલ રાજારામ	૪૮	વૈધક	વૈદ્ય	૦	૦	૧	
૪	ત્રવાડી ભવાનીશંકર રાજારામ	૩૩	સાત ગુજરાતી	નોકરી	૧	૧	૦	ઇંગોરાળા (પીપરડી) પોલીસપટેલ છે.
	,, માનશંકર ભવાનીશંકર	૬	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
	,, મોહનલાલ ભવાનીશંકર	૩	બાળક	૦	૦	૦	૦	
	,, જયંતીલાલ ભવાનીશંકર	૧	સદર	૦	૦	૦	૦	
૫	ત્રવાડી ભાઇશંકર રાજારામ	૨૭	ગુજ. ઇંગ્રેજી	નોકરી	૧	૦	૦	વરતેજ શિક્ષક છે
	,, જગન્નાથ ભાઇશંકર	૨	બાળક	૦	૦	૦	૦	
૬	ત્રવાડી મુળશંકર રાજારામ	૨૫	સાત ગુજ.	નોકરી	૧	૦	૦	ભાવનગર રેલ્વેમાં.
	નાનકો	૧ માસ	બાળક	૦	૦	૦	૦	
૭	ત્રવાડી ભાનુશંકર રાજારામ	૨૦	મેટ્રીક કલાસમાં	અભ્યાસ	૦	૦	૦	ભાવનગર હાઈસ્કુલ માં છે.
૮	ત્રવાડી ત્રીકમજી નારણજી	૫૫	ટ્રેન્ડ રાજકોટ કો.	પેન્શનર	૧	૦	૦	પેન્શનર છે.
	,, વ્રજલાલ ત્રીકમજી	૨૮	સાત ગુજ.	નોકરી	૦	૦	૦	બજુડમાં શિક્ષક છે.

૯ ત્રવાડી ગૌરીશંકર નારણજી	૪૦	પાં. ધો. ગુજ.	વાનપ્રસ્થ	૦	૦	૦	બનારસમાં ગાયત્રી-પુરશ્ચન કરે છે.
,, ગીરજાશંકર ગૌરીશંકર	૧૮	સંસ્કૃત	અભ્યાસ	૦	૦	૦	બનારસ ભણે છે.
૧૦ ત્રવાડી ઉમીયાશંકર જગજીવન	૪૫	ગુજરાતી	વ્યાપાર	૦	૦	૦	
,, ભગવાનજી ઉમીયાશંકર	૨૫	સાત ગુજ.	નોકરી	૧	૦	૦	મુંબઈમાં છે.
,, જયન્તીલાલ ભગવાનજી	૩	બાળક	૦	૦	૦	૦	
,, પ્રભાશંકર ઉમીયાશંકર	૨૨	૭ ધો. ગુજ.	નોકરી	૦	૦	૦	મુંબઇ છે.
,, કરૂણાશંકર ઉમીયાશંકર	૧૮	ચોથી ઈંગ્રેજી	અભ્યાસ	૧	૦	૦	સદર
૨૭				૭	૧	૧	કુલ માણસ ૩૬

૯ ધોળા જંકશન. (જાની.)

૧ જાની લલ્લુ ભીમજી	૩૫	ગુજરાતી	નોકરી	૧	૦	૧	પોસ્ટમેન છે.
૧				૧	૦	૧	કુલ માણસ ૩

૧૦ ધરવાળા. (તણુખા)

૧ ત્રવાડી દુર્લભરામ પ્રાગજી	૪૨	સાધારણ	યજમાનવૃત્તિ	૧	૧	૦
,, જટાશંકર પ્રાગજી	૩૨	સદર	કામદાર	૦	૦	૦
,, ગીરધર દુર્લભરામ	૨૦	સદર	હરદાસની કથા	૦	૦	૦

,, મગન દુર્લભરામ	૯	ચોથી ચોપડી ગુ.	અભ્યાસ	૦	૦	૦	
૪				૧	૧	૦	કુલ માણસ ૬

*૧૧ પરવાળા. (દીક્ષિત, પાઠક.)

૧ દીક્ષિત હરજીવન ભગવાનજી	૬૨	સાધારણ	ઈશ્વરભજન	૪	૦	૦	*આ ગામમાં સ્ત્રી-
,, દુર્લભરામ હરજીવન	૪૦	સદર	ખેતી	૦	૦	૦	ઓનો અંક પ્રત્યેક
,, રેવાશંકર હરજીવન	૩૫	સદર	સદર	૦	૦	૦	ઘરવાર સામટોજ
,, ભાઇશંકર હરજીવન	૩૦	ગુજરાતી	વેપાર	૦	૦	૦	જણાવ્યો છે.
,, ગવરીશંકર હરજીવન	૨૦	સદર	સદર	૦	૦	૦	
,, હરીશંકર દુર્લભરામ	૮	બાળક	અભ્યાસ	૦	૦	૦	
,, કેશવલાલ દુર્લભરામ	૩	સદર	૦	૦	૦	૦	
૨ દીક્ષિત દુધા વીરજી	૧૨	પાંચ ધોરણ	અભ્યાસ	૨	૦	૦	
૩ પાઠક અંબાશંકર જાદવજી	૪૨	શ્રીમદ્ ભાગવત	વૈદું	૨	૨	૦	
,, લક્ષ્મીરામ જાદવજી	૩૬	સદર	સદર	૦	૦	૦	ધંધુકામાં છે.
,, કહાનજી અંબાશંકર	૮	બાળક	૦	૦	૦	૦	
,, ઇચ્છાશંકર અંબાશંકર	૩	સદર	૦	૦	૦	૦	
૪ પાઠક પ્રાણજીવન ગીગા	૪૫	સાધારણ	કામદારૂં	૦	૦	૦	
,, હીરજી ગીગા	૫૫	સદર	ઘરધંધો	૦	૦	૦	

૫ ત્રવાડી ઓધવજી રાજારામ	૩૦	સદર	સદર	૧	૦	૦	મુળ લીમડા હનુ-ભાઈના રહીશ છે.
૬ પાઠક હીરજી વેણીરામ	૪૨	સદર	સદર	૨	૧	૧	મુળ હડમતીયાના રહીશ છે.
,, મયાશંકર હીરજી	૧૫	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	ધધુકે ભણે છે.
,, ભાઇશંકર હીરજી	૩	બાળક	૦	૦	૦	૦	
૭ ત્રવાડી દુર્લભજી ગોપાળજી	૪૦	ગુજરાતી	નોકરી	૧	૧	૧	
,, નાનજી ગોપાળજી	૩૫	સદર	ઘરધંધો	૦	૦	૦	
,, માનુશંકર નાનજી	૫	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
,, નરોત્તમ· છગનલાલ	૩	બાળક	૦	૦	૦	૦	
૮ બાઇ પુતલી	૪૨	વિધવા	૦	૦	૦	૧	
૨૨				૧૨	૪	૩	કુલ માણસ ૪૧.

૧૨ ઇંગોરાળા. (સોનગઢ) (પાઠક)

૧ પાઠક મેઘજી મુળજી	૪૫	સાધારણ	ગામોટું	૦	૦	૦	
,, ટપુ વજેરામ	૭	પહેલી ચોપડી	અભ્યાસ	૦	૦	૦	
૨				૦	૦	૦	કુલ માણસો ૨

૧૩ રત્નપુર. (ઉમરાળા) (શેરથીયા)

૧ ત્રવાડી વજેરામ મકુ	૩૮	ગુજરાતી	નોકરી	૧	૨	૧	સુરત છે.
							કુલ માણસ ૫

૧૪ ઉમરાળા. (ચાંદખેડીયા, શેરથીયા, શુકલ.)

૧ ત્રવાડી ભાઇશંકર મકુ	૩૫	ગુજરાતી	કથા	૧	૧	૦	
,, મણિશંકર ભાઇશંકર	૧૩	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
,, ગૌરીશંકર ભાઇશંકર	૮	સદર	સદર	૦	૦	૦	
,, નન્દલાલ ભાઇશંકર	૪	૦	૦	૦	૦	૦	
૨ બાઈ અંબા	૬૫	વિધવા	૦	૦	૦	૧	
,, બાઇ સંતોક	૨૫	વિધવા	૦	૦	૦	૧	
૩ ત્રવાડી જુઠા ઓધવજી	૪૫	ગુજરાતી	ઘરધંધો	૧	૦	૦	
,, મોહનલાલ જુઠા	૧૮	સદર	વેપાર	૦	૦	૦	હાલોલ છે.
,, મણિશંકર જુઠા	૧૫	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
,, રતીલાલ જુઠા	૧૨	સદર	સદર	૦	૦	૦	
ટપુ જુઠા	૧૦	સદર	સદર	૦	૦	૦	
૪ ત્રવાડી જટાશંકર હીરજી	૩૨	સીનીયર રાજકોટ ટ્રે.કો.	નોકરી	૧	૨	૦	ભેસાણમાં શિક્ષક છે (જુનાગઢ)

	ત્રવાડી વ્રજલાલ હીરજી	૨૮	ગુજરાતી	નોકરી	૦	૦	૦ અમદાવાદ છે.
	,, અમ્રતલાલ હીરજી	૧૬	ભણે છે	અભ્યાસ સંસ્કૃત	૦	૦	૦ સદર
	,, કાળીદાસ જટાશંકર	૪	બાળક	૦	૦	૦	૦
	,, નાનુ જટાશંકર	૨	૦	૦	૦	૦	૦
૫	ત્રવાડી કહાનજી હરજીવન	૩૮	ગુજરાતી	કથા	૧	૩	૧
	,, ભાઇશંકર હરજીવન	૧૩	અભ્યાસ	ભણેછે.	૦	૦	૦
૬	શુકલ બિશ્વંભર શંકર	૪૮	સંસ્કૃત–ગુજ.	શુકલવૃત્તિ	૧	૧	૦
	,, શુકલ જીવરામ વિશ્વંભર	૧૨	ભણે છે	અભ્યાસ	૦	૦	૦
	,, અમ્રતલાલ વિશ્વંભર	૧૦	સદર	સદર	૦	૦	૦
	ટપુ વિશ્વંભર	૬	સદર	સદર	૦	૦	૦
૭	ત્રવાડી નંદલાલ વિઠલ	૩૦	ગુજરાતી	યજમાનવૃત્તિ	૦	૦	૨
૮	ત્રવાડી છોટાલાલ હરજીવન	૩૫	સદર	કથા	૧	૦	૦
	,, હરીશંકર હરજીવન	૩૨	સદર	નોકરી	૧	૦	૦
	ટપુ હરીશંકર	૩	બાળક	૦	૦	૦	૦
૯	ત્રવાડી લાભશંકર દુર્લભજી	૧૨	ભણે છે	અભ્યાસ	૦	૦	૧
૧૦	ત્રવાડી મણિશંકર ગોપાળજી	૩૫	ગુજરાતી	ઘરધંધો	૦	૦	૦
૧૧	ત્રવાડી છગનલાલ અંબાશંકર	૩૫	ગુજરાતી	નોકરી	૧	૧	૧ અમરેલી છે.
	,, વેણીશંકર અંબાશંકર	૨૮	સદર	સદર	૧	૦	૦ સદર

,, દેવશંકર અંબાશંકર	૨૫	સદર	સદર	૧	૦	૦	અમદાવાદ છે.
,, મોહનલાલ અંબાશંકર	૨૧	સદર	સદર	૧	૦	૦	સદર
,, રવિશંકર છગનલાલ	૧૪	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
,, ગંગાશંકર છગનલાલ	૨	બાળક	૦	૦	૦	૦	
,, ભાનુશંકર વેણીશંકર	૨	સદર	૦	૦	૦	૦	
૧૨ ત્રવાડી સુખદેવ જયશંકર	૨૨	ગુજરાતી	ઘરધંધો	૧	૧	૦	
,, નાનુ જયશંકર	૧૦	અભ્યાસ	અભ્યાસ	૦	૦	૦	
૧૩ ત્રવાડી વાલજી માવજી	૬૦	ગુજરાતી	યજમાનવૃત્તિ	૧	૩	૦	
,, દયાશંકર વાલજી	૧૪	સદર	સદર	૦	૦	૦	
,, શીવલાલ વાલજી	૧૦	સદર	સદર	૦	૦	૦	
૩૮				૧૩	૧૨	૭	કુલ માણસ ૭૦

૧૫ અણીડા. (ભટ્ટ.)

૧ ભટ્ટ મણિશંકર રામકૃષ્ણ	૨૬	ગુજરાતી	વ્યાપાર-ખેતી	૧	૧	૨	
,, શિવશંકર મણિશંકર	૨	બાળક	૦	૦	૦	૦	
૨ ભટ્ટ દેવકૃષ્ણ વાલજી	૩૮	ગુજરાતી	સદર	૦	૦	૦	
,, ગીરધર દેવકૃષ્ણ	૨૦	સદર	નોકરી	૧	૦	૦	મુંબઇ છે.
,, મહાશંકર દેવકૃષ્ણ	૧૭	સંસ્કૃત ભણે છે	અભ્યાસ	૦	૦	૦	

૩ ભટ્ટ પીતાંબર વાલજી	૩૫	ગુજરાતી	વ્યાપાર–ખેતી	૦	૦	૦	
,, નર્મદાશંકર પીતાંબર	૧૮	ગુજ. સંસ્કૃત	અભ્યાસ	૦	૦	૦	
,, લાલશંકર પીતાંબર	૧૨	સદર	સદર	૦	૦	૦	
૪ ભટ્ટ કાનજી વાલજી	૩૧	ગુજરાતી	વ્યાપાર–ખેતી	૨	૧	૨	
૫				૨	૧	૨	કુલ માણસો ૧૪

૧૬ રંઘોળા. (ભટ્ટ.)

૧ ભટ્ટ ભીમજી માધવજી	૫૬	ગુજરાતી	યજમાનવૃત્તિ	૧	૧	૦	
,, રણછોડ ભીમજી	૧૭	સાત ગુજ.	નોકરી	૦	૦	૦	શિક્ષક છે.
,, હરગોવિંદ ભીમજી	૧૦	ચોથી ગુજ.	અભ્યાસ	૦	૦	૦	
૨ ભટ્ટ કહાનજી માધવજી	૪૮	૭ ધો. ગુ.	નોકરી	૦	૦	૦	એકબારામાં શિક્ષક.
,, હરગોવીંદ કહાનજી	૨૩	સાત ધો. ગુ.	સદર	૦	૦	૦	
,, જટાશંકર કહાનજી	૧૭	ઈંગ્રેજી ફીફ્થ	સદર	૦	૦	૦	
,, મુળશંકર કહાનજી	૧૩	ઈં. સેકન્ડ	ભણે છે	૦	૦	૦	
૭				૨	૧	૦	કુલ માણુસ ૧૦

૧૭ જલાલપુર. (પાઠક.)

૧ પાઠક સુખલાલ મહાદેવ	૩૫	ગુજરાતી	યજમાનવૃત્તિ	૦	૦	૧

,, ઉમીયાશંકર સુખલાલ	૧૮	સદર	નોકરી	૧	૦	૦	ભાવનગર મીલમાં.
૨				૧	૦	૧	કુલ માણસ ૪

૧૮ માંડવા. (પાઠક, ચીકલીયા ચાંદખેડીયા.)

૧ ત્રવાડી મહાદેવ જેરામ	૫૦	ગુજરાતી	ઘરધંધો	૧	૨	૦	
,, મહાશંકર મહાદેવ	૧૮	સદર	નોકરી	૦	૦	૦	મુંબાઈ છે.
,, મગનલાલ મહાદેવ	૧૨	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
,, અમ્રતલાલ મહાદેવ	૬	ભણે છે	સદર	૦	૦	૦	
૨ ત્રવાડી જાદવજી પ્રાગજી	૮૦	સાધારણ	વાનપ્રસ્થ	૧	૦	૧	
,, લાલજી જાદવજી	૪૦	ગુજરાતી	નોકરી	૧	૨	૦	ભાલટપ્પાના નાયબ ફોજદાર-ભાવનગર છે
,, જટાશંકર લાલજી	૨૦	સદર	સદર	૧	૧	૦	નિંગાળા થાણદાર-ની કચેરી-કારકુન.
,, વીઠલ જાદવજી	૨૫	સદર	સદર	૧	૨	૦	આંબા થાણાદારની કચેરી-કારકુન.
૩ ત્રવાડી રામકૃષ્ણ નાનજી	૯૦	ગુજરાતી	નિવૃત્તિ	૦	૦	૦	
,, નારણજી વાલજી	૪૫	સદર	નોકરી	૦	૦	૦	જુનાગઢ છે.

,, નીલકંઠ નારણજી	૫	ભણે છે	અભ્યાસ	•	•	૦	
૪ પાઠક વેણીરામ જુદા	૫૦	સાધારણ	ઘરધંધો	૧	૦	૦	
,, નાગર વેણીરામ	૧૭	ગુજરાતી	સદર	•	•	૦	
૫ પાઠક રેવાશંકર ભીમજી	૩૦	સદર	નોકરી	૧	૧	૦	
,, પોપટલાલ રેવાશંકર	૫	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
૬ પાઠક ત્રીભોવન નાનજી	૫૦	સાધારણ	ઘરધંધો	૧	૦	૦	
,, જીવન ત્રીભોવન	૧૯	ગુજરાતી	સદર	૧	૦	૦	
,, પ્રાણજીવન ત્રીભોવન	૧૭	સદર	સદર	•	૦	૦	
,, ગીરજાશંકર ત્રીભોવન	૮	ભણે છે	અભ્યાસ	૦	•	૦	
૭ પાઠક જેશંકર નાનજી	૫૫	સાધારણ	ઘરધંધો	૧	૦	૦	
,, રામકૃષ્ણ જેશંકર	૩૦	ગુજરાતી	નોકરી	૧	૦	૦	શિક્ષક ભાવનગર છે
,, ભીખાભાઇ રામકૃષ્ણ	૫	ભણે છે	અભ્યાસ	•	•	૦	
૮ બાઈ રામકુર	૫૦	વિધવા	૦	૦	૦	૧	
૯ ત્રવાડી મહાશંકર ત્રીકમજી	૫૦	ગુજરાતી	નોકરી	•	૦	૦	વૉટરમેન ભાવનગર ન્યુ ઈં. સ્કુલ.
,, નાનાલાલ મહાશંકર	૨૦	સદર	સદર	૦	૦	૦	ત્રાપજ પોસ્ટમેન છે. *
૨૪				૧૧	૮	૨	કુલ માણસો ૪૫

૧૯ લીમડા. (હનુભાઇના) (ભટ્ટ.)

૧	ભટ્ટ લક્ષ્મીરામ માધવજી	૫૮	ગુજરાતી	નિવૃત્તિ	૦	૦	૦	
	,, હરિશંકર લક્ષ્મીરામ	૩૧	સદર	નોકરી	૧	૨	૦	બીલીમોરા છે.
	,, રેવાશંકર લક્ષ્મીરામ	૨૯	સદર	વૈદું	૧	૧	૦	
૨	ભટ્ટ ભગવાન મોનજી	૪૩	સદર	વેપાર	૧	૦	૧	
૩	ભટ્ટ નર્મદાશંકર હીરજી	૨૫	સદર	નોકરી	૧	૦	૧	કુંડલા શિક્ષક છે. બ્રાન્ચ સ્કુલ.
	,, જટાશંકર હીરજી	૧૩	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
	,, બાલુ હીરજી	૧૦	સદર	સદર	૦	૦	૦	
૪	ભટ્ટ પ્રાણજીવન મોનજી	૪૬	ગુજરાતી	નોકરી	૧	૨	૦	ડુંગર થાણદારની કચેરી કારકુન.
	,, બાલુ પ્રાણજીવન	૧૩	ઇં. ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
૫	ભટ્ટ પુરૂષોત્તમ દુર્લભરામ	૨૫	ગુજરાતી	યજમાનવૃત્તિ	૦	૦	૦	
	૧૦				૫	૫	૨	કુલ માણસ ૨૨

૨૦ આલપુર. (શેરથીઆ.)

૧	ત્રવાડી ઓધવજી મુળજી	૪૫	ગુજરાતી	ખેતી–વેપાર	૦	૦	૦
	,, રતીલાલ ઓધવજી	૨૨	સદર	સદર	૦	૦	૦

,, જગન્નાથ ઓધવજી	૧૭	સદર	અભ્યાસ	૦	૦	૦	
—				—	—	—	
૩				૧	૦	૦	કુલ માણસો ૪

૨૧ ભીંગરાડ. (ઢાલીયા.)

૧ ત્રવાડી મણિશંકર રાજારામ	૨૫	ગુજરાતી	ખેતી	૦	૧	૦	
,, અંબારામ રાજારામ	૧૬	સદર	સદર	૦	૦	૦	
,, નાનાલાલ રાજારામ	૧૩	સદર	સદર	૦	૦	૦	
,, ભાઇશંકર રાજારામ	૧૦	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
૨ ત્રવાડી જદુરામ ગોપાળજી	૩૦	સાધારણ	ખેતી	૧	૦	૦	
૩ બાઇ પુરી	૪૦	વિધવા	૦	૦	૦	૧	
—				—	—	—	
૫				૧	૧	૧	કુલ માણસ ૮

પીપરાળી. (શુકલ.)

૧ શુકલ સુખલાલ નારણજી	૩૦	ગુજરાતી	ખેતી	૧	૦	૦	
,, જીવરામ સુખલાલ	૩	બાળક	૦	૦	૦	૦	
૨ શુકલ નંદરામ કાશીરામ	૧૦	ભણે છે	અભ્યાસ	૦	૦	૧	
—				—	—	—	
૩				૧	૦	૧	કુલ માણસ ૫

૨૩ પીપલવા.

૧ ત્રવાડી નારણજી વેણુરામ	૫૫	ગુ. સંસ્કૃત	કથાવાર્તા	૧	૦	૧	

૨૪ ડેડકડી. (પાઠક.)

૧ પાઠક બહેચર ભવાનીશંકર	૨૫	સાધારણ	ઘરધંધો	૦	૦	૦	ભાવનગર છે–મૂળ પળવાળાના છે.
,, લાલજી બહેચર	૩૦	ગુજરાતી	નોકરી	૧	૦	૦	સદર
,, ગીરજાશંકર બહેચર	૧૮	સદર	ઘરધંધો	૦	૦	૦	સદર
૩				૧	૦	૦	કુલ માણસ ૪
૧ ત્રવાડી ભીમજી કામેશ્વર	૫૦	ગુજરાતી	ઘરધંધો	૧	૦	૦	
,, નાનુ ઇશ્વર	૨૨	સદર	નોકરી	૧	૦	૦	ગોધરા છે.
,, રાજારામ નાનુ	૭	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
૨ પાઠક કરૂણાશંકર બહેચર	૩૦	ગુજરાતી	વૈદું	૧	૦	૦	
,, અંબારામ રામકૃષ્ણ	૬૫	સદર	નોકરી	૧	૦	૦	
,, જટાશંકર અંબારામ	૫	ભણે છે	અભ્યાસ	૦	૦	૦	
ટપુ અંબારામ	૧	બાળક	૦	૦	૦	૦	
૭				૪	૦	૦	કુલ માણસ ૧૧

આથમણાનાં છુટાં ગામોની તારીજ.

કુલ ઘર	કુલ પુરૂષો	કુલ સ્ત્રીઓ	કુલ કન્યાઓ	કુલ વિધવાઓ	એકંદર માણસ
૮૭	૨૧૮	૮૯	૫૩	૨૯	૩૮૯

આથમણાની તારીજ.

કુલ ઘર	કુલ પુરૂષો	કુલ સ્ત્રીઓ	કુલ કન્યાઓ	કુલવિધવાઓ	એકંદર માણસ
૨૬૭	૬૭૯	૨૮૫	૧૯૦	૧૦૧	૧૨૫૫

વસ્તીના જથ્થાવાર એકંદર આંકડા.

ગામ.	ગામ અગર જથ્થો	કુલ ઘર.	કુલ પુરૂષો	કુલ સ્ત્રીઓ	કુલ કન્યાઓ	કુલ વિધવાઓ	કુલ માણસો
૫	ભાવનગરનું પાંચગામુંમાં	૧૬૦	૩૬૬	૧૫૯	૯૨	૮૮	૭૦૫
૧	પાલીતાણામાં	૪૨	૧૨૦	૫૬	૪૦	૧૮	૨૩૪
૧૭	ઘોઘાબારાનાં બાકીનાં ગામોમાં	૬૭	૯૧	૪૦	૩૧	૧૬	૧૭૮
૧૪	ગણેશગઢ જથ્થામાં	૪૫	૧૨૩	૫૧	૩૪	૧૮	૨૨૬

૯	દામનગર જથ્થામાં	૪૬	૧૨૧	૬૩	૩૬	૬૧	૨૩૧
૯	પાંચતલાવડા જથ્થામાં	૪૮	૧૦૩	૩૯	૩૨	૨૪	૧૯૮
૮	માંડવી જથ્થામાં	૨૫	૬૪	૨૫	૧૧	૧૬	૧૨૨
૨	ગીર જથ્થામાં	૩	૧૪	૫	૨	૦	૨૧
૪	ભાલ જથ્થામાં	૧૩	૩૬	૧૩	૧૬	૩	૬૮
૨૫	આથમણાનાં બાકીનાં ગામોમાં	૮૭	૨૧૮	૮૯	૫૩	૨૯	૩૮૯
૫૭		૫૦૬	૧૨૫૬	૫૪૦	૩૫૩	૨૨૩	૨૩૭૨ કુલ

ઉપસંહાર.

દેશાવરી બંધુઓ–ચાલો આપણે આપણા વસ્તીપત્રકનો ઉપસંહાર કરીએ. આપણા જ્ઞાતિબંધુઓ દેશાવરમાં સારી રીતે નીકળ્યા છે, તે એક રીતે જોતાં ઉન્નતિનું ચિન્હ છે. દેશાવર ખેડવાથી આપણને આપણી ખરી સ્થિતિનું ભાન થાય છે, બીજાઓ જોડે આપણી જાતને સરખાવતાં આપણો મિથ્યા ગર્વ તજી દેવાય છે, અને અનેક પ્રકારનો બીજો અનુભવ મળે છે. "સંપત હોય તો ઘર ભલા નહીંતો ભલો પરદેશ" એ પ્રમાણે બાપના કુવામાં બુડી મુઆ કરતાં પરદેશ વેઠવો સારો. આપણી ગરીબ જ્ઞાતિમાંથી એટલા મોટા જથ્થામાં બંધુઓ પરદેશ ગયા છે તેનાં કેટલાંક કારણો છે. દેશમાં કાંઇ ધંધો કમાઇ ન હોવાથી પરદેશ નીકળવા મન થાય છે. વળી શક્તિ ન હોવા છતાં લોક લાજે લેવાઇ ઘેર પ્રસંગ આવ્યે મોટાં દેવાં કરી ખર્ચો કરી તે ખાડા પુરવા નાછુટકે દેશાવર ભોગવવો પડે છે. વળી કેટલાકને માબાપે બહુ હેત કરી નાનપણથી પરણાવી દઈ સંસારનું અને ફીકરનું ધોંસરૂં ગળામાં નાખેલું હોવાથી તે થોડું ભણે ન ભણે અને સમજણો થાય એટલે તેનું કમાવા મન દોરાય છે. તેટલામાં તો તે બે ત્રણ છોકરાંનો બાપ પણ થઇ ગયો હોય છે. આ મોટા કુટુંબનું પોષણ કરવા તે બીચારાને અભ્યાસ છોડી જીંદગી ધુળ મેળવી ગુલામગીરી કરવા પરદેશ નીકળવું પડે છે. જો કે દેશાવર ભોગવવો તે અનેક રીતે ફાયદાકારક છે, પરંતુ પરદેશમાં જવા માત્રથીજ પૈસાદાર થઈ જવાતું નથી. માટે ઉપરનાં કારણોને અટકાવી બરાબર અભ્યાસ કરી યોગ્ય ઉમરે અમુક ધંધો પસંદ કરી અમુક લક્ષ્યબિંદુથી પરદેશ નીકળાય તો અનેકગણો વધારે લાભ થવા સંભવ છે. પરદેશ નીકળેલાઓમાંના ઘણાખરા નોકરીજ કરે છે. સ્વતંત્ર ધંધો કરનારા બહુ થોડા છે. વાલુકડવાળા ત્રવાડી ગૌરીશંકર પુરૂષોત્તમ તથા ત્રવાડી પ્રભાશંકર ત્રિભુવન એઓની મુંબઈમાં દુકાનો છે. બાકીના કેટલાક કેળવણી વીગેરે સરકારી જુદાં જુદાં ખાતામાં અને મોટે ભાગે વેપારી વર્ગમાં નોકરી કરતા દેશાવર રહે છે. ખાસ અભ્યાસ કરવા માટે બનારસ ઉર્ફે કાશીમાં આપણા બે ત્રણ બંધુઓ રહે છે જેમનો સારો અભ્યાસ ચાલતો હોવાનું સંભળાય છે. અમદાવાદમાં પણ વીવીંગ અને સ્પીનીગનું કામ શિખવા કેટલાક યુવકો રહે છે. દાક્તરી લાઇનનો અભ્યાસ કરવા રાવળ કરૂણાશંકર

અંબાશંકર મુંબઈમાં રહે છે. આ સિવાય બીજા છુટાછવાયા ધંધો કરે છે.

ભાવનગર—ભાવનગરમાં આપણી વસ્તીનો મોટો સમુહ છે, પરંતુ વસ્તીનો લગભગ ત્રીજો ભાગ બહાર ગામડામાંથી આવી ત્યાં વસેલો જણાય છે. સવડ છતાં પણ આ ગામમાં વસ્તીના પ્રમાણમાં કેળવણી ઘણી ઓછી છે એ શોચનીય છે. થોડાંજ કુટુંબો કેળવણીમાં આગળ વધ્યાં છે, બીજાં નોકરી કે ધંધાર્થેંજ ત્યાં વસે છે. સ્વર્ગવાસી જાનીજી રણછોડજીનાં કુટુંબે કેળવણીમાં ઘણો સારો વધારો કર્યો છે. તેજ પ્રમાણે શિહોરવાળા સ્વર્ગવાસી શુકલજી પ્રાણશંકર, રાવળ પ્રાણશંકર ત્રિભુવન, રાવળ અંબાશંકર ત્રિભુવન તથા સ્વર્ગવાસી શુકલજી જગજીવનનાં કુટુંબો સારી રીતે કેળવાયેલાં છે. આ બધાં કુટુંબો પૈસે ટકે પણ સુખી હોઈ જ્ઞાતિમાં આગળ પડતો ભાગ લેનારાં છે. વળી ત્રવાડી વીઠલજી ભાઇજી, શાસ્ત્રીજી કરૂણાશંકર પ્રભુજી, શાસ્ત્રી જાદવજી અંબાશંકર, ટીમાણી ને માતાણીના કુટુંબોમાં ત્રવાડી વેણીરામ જગજીવન તથા ત્રવાડી વિદ્યારામ ગૌરીશંકર તેમજ ત્રવાડી રેવાશંકર ગંગાધર તથા આંબરડીવાળા ત્રવાડી નન્દરામ કાળીદાસ વીગેરે બંધુઓ જ્ઞાતિહિતની બાબતોમાં આગેવાનો છે. આ પ્રસંગે મારે વિસરી નહીં જવું જોઇએ કે આંહીના સ્વર્ગવાસી ત્રવાડી આત્મારામ આપણી જ્ઞાતિના એક ભૂષણરૂપ કવિ હતા. તેમણે કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે. વળી શીહોરવાળા સ્વર્ગવાસી શુકલજી જગજીવન પણ જ્ઞાતિમાં એક પરમભક્ત અને પુન્યશાળી પુરૂષ થઈ ગયા છે. શીહોર નજીક આવેલા શ્રી ગૌતમેશ્વર શંકરના તેઓ ઉપાસક હતા અને સાક્ષાત્ શંભુ તેમને પ્રસન્ન હતા. દરબાર તરફથી તેમને મળતું વર્ષાસન હજુ પણ તેમના વંશજોને મળે છે. આંબરડીવાળા ત્રવાડી નન્દરામ કાળીદાસ સમસ્ત જ્ઞાતિમાં નમુનેદાર સંગીતવિદ્યાના અભ્યાસી છે.

શીહોર—શીહોરમાંથી શુકલોનો મોટો ભાગ હાલ ભાવનગર જઇ વસ્યો છે. વરતેજ કરદેજમાં ઘણાં બહોળાં કુટુંબો છે, ને તેથીજ ત્યાં ઘર થોડાં પણ વસ્તી ઝાઝી છે. વરતેજમાં સ્વર્ગ. ત્રવાડી હર્ષજીનાં તથા સ્વર્ગવાસી ત્રવાડી રૂગનાથજીનાં કુટુંબો સારી રીતે કેળવાયેલાં હોઇ જ્ઞાતિમાં આગેવાનો ગણાય છે કરદેજનો મોટો ભાગ દેશાવર છે ને તે ખાતે તેઓ સારૂં સાહસ ધરાવે છે. વાલુકડમાં વસ્તીના પ્રમાણમાં કેળવણી બહુ ઓછી છે. તેમનું લક્ષ વેપાર તરફ ખેંચાયેલું જણાય છે. કેળવણી તરફ પણ લક્ષ આપવાની ખાસ જરૂર છે. આંહીના ત્રવાડી ગૌરીશંકર પુરૂષોત્તમ તથા ત્રવાડી પ્રભાશંકર ત્રિભુવન ઘણાં વર્ષોથી મુંબઈમાં રહે છે. ત્યાં તેમજ જ્ઞાતિમાં પણ તેઓ સારી જમાવટવાળા અને આગેવાનો ગણાય છે.

પાલીતાણા વીગેરે—પાલીતાણા, ભાવનગરથી બીજે નંબરે આપણા વસ્તીનું મોટું મથક છે. તેમાં ઘણાં બહોળાં કુટુંબીઓ રહે છે. આ ગામમાં વસ્તીના પ્રમાણમાં કેળવણી સારી જણાય છે. સર્વ કાંઇ કાંઇ ધંધામાં જોડાયેલા છે, તેથી તેમની સ્થિતિ પણ સારી છે. સ્વર્ગ. ત્રવાડી નથ્થુભાઇનાં તથા સ્વર્ગ. ત્રવાડી ભગવાનજીનાં બહોળાં કુટુંબો તથા ઘેટીવાળા દવેનાં કુટુંબો કેળવણીમાં સારાં છે. ત્રવાડી મહાશંકર નથ્થુભાઈ, ત્રવાડી નીલકંઠ નથ્થુભાઈ, ત્રવાડી લક્ષ્મીરામ ભગવાનજી, ત્રવાડી કરૂણાશંકર શિવશંકર તથા ત્રવાડી મણિશંકર ભીમજી વીગેરે ગૃહસ્થો જ્ઞાતિના આગેવાનો ગણાય છે. હમણાં સ્વર્ગવાસી થયેલા ત્રવાડી જીવરામ ઓધવજી કોટડાપીઠા સ્વસ્થાનંના ઘણા વર્ષો સુધી કાર્યભારી હતા.

બજુડવાળા ત્રવાડી કરૂણાશંકર મૂળજી વૈદ્ય સારા કેળવાયેલા હોઇ જ્ઞાતિહિત તરફ અતિ તીવ્ર ઉત્કંઠા ધરાવે છે. હણોલવાળા ગરઢેરા ત્રવાડી મહાશંકર રૂગનાથજીનું કુટુંબ કેળવાયેલું હોઇ સારી સ્થિતિમાં છે.

આથમણું—આથમણામાં ગણેશગઢવાળા ગરઢેરા ત્રવાડી કેશવલાલ વૈકુંઠ જ્ઞાતિમાં મુખ્ય ગરઢેરા ગણાય છે. જ્ઞાતિ તેડું કરનારને તેમની રજા લેવી પડે છે. સાતપડાવાળા ત્રવાડી શિવશંકર વાલજીનું બહોળું કુટુંબ સારી સ્થિતિમાં છે. ગામડામાં હોવાને લીધે પુસ્તકોદ્વારા તેઓ કેળવણી લઈ શક્યા નથી પણ વ્યવહારીક કેળવણીની સારી તાલીમ તેમણે લીધેલી છે. એ કુટુંબ વ્યવહારીક રીતરીવાજો શીખવાની એક પાઠશાળા જેવું છે. દામનગર ગામ આપણી જ્ઞાતિની વસ્તીમાં ત્રીજે નંબરે છે. રાવળ અને શુક્લ બહોળા કુટુંબોવાળા છે. આ ગામમાં પણ કેળવણી ઓછી છે. દીક્ષિત નરભેરામ માધવજી, શુક્લ નરભેશંકર પુરૂષોત્તમ, રાવળ ભગવાનજી દેવજી અને ત્રવાડી મોનજી ગોપાળજી વીગેરે બંધુઓ આગેવાનો ગણાય છે. પાંડરશીંગામાં વસ્તીના પ્રમાણમાં કેળવણી સારી છે. સ્વર્ગવાસી પાઠક હર્ષજી હરજીનું કુટુંબ સારી રીતે કેળવાયલું છે. આંહીના શાસ્ત્રી રામકૃષ્ણ હર્ષજી એક વિદ્વાન પુરૂષ હોઇ જ્ઞાતિના ભૂષણરૂપ છે. આંહીના સઘળા બંધુઓ કાંઈ કાંઇ ધંધામાં જોડાયેલા છે. પાંચતલાવડામાં વસ્તી સારી છે. જાની ભાણજી પુરૂષોત્તમ તથા પાઠક ગીગાભાઇ ગણેશભાઇ આગેવાનો ગણાય છે. નાની વાવડીમાં પાઠકોનાં બહોળાં કુટુંબો છે, પરંતુ કેળવણીમાં ઘણા પછાત છે. સાખપુર ગામમાં ત્રણ ઘર છે. છતાં બે સીનીયર શિક્ષકો છે. આંહીના ત્રવાડી વિદ્યારામ જસનજી સીનીયર હોઇ કવિછે. જ્ઞાતિહિતમાં સારી લાગણી ધ-

રાવે છે. ભાલવાવવાળા ગરઢેરા ત્રવાડી અંબાશંકર રૂગનાથજી જ્ઞાતિમાં વૃદ્ધ ગરઢેરાછે. પોતે વિદ્વાન અને પ્રતિષ્ઠિત હોઈ જ્ઞાતિહિતની બાબતમાં પ્રથમ ભાગ લેનારા છે. ગજાભાઈની વાવડીમાં પણ સારો જથ્થો છે. આ ગામમાં કેળ-વણીનાં બીજ ઘણાં વર્ષો અગાઉથી રોપાયાં હોય તેમ જણાય છે. કારણ ત્યાં જુના સીનીયર થયેલા પેન્શનરો છે. આ ગામમાં એકંદરે કેળવણી સારી છે ને બધા ધંધે રોજગારે વળગેલા છે. ત્રવાડી જયશંકર કલ્યાણજી અને સ્વર્ગવાસી ત્રવાડી રાજારામનાં બહોળાં કુટુંબો કેળવાયેલાં હોઇ જ્ઞાતિ-હિતમાં આગેવાની ભર્યો ભાગ લે છે. આંહીના ઘણાખરા બંધુઓ ધંધાને અંગે બહારગામ વસે છે. ઉમરાળામાં પણ આપણી સારી વસ્તી છે પરંતુ કેળવણી જોઇએ તેવી નથી. રંઘોળાના ભટ્ટ કહાનજી માધવજી જ્ઞાતિહિતમાં સારો ભાગ લે છે. ગીરમાં ટીંબીવાળા ત્રવાડી રામકૃષ્ણ વેણીરામ જ્ઞાતિ તરફ સારી લાગણી ધરાવે છે. ભાલમાં ચારણકીવાળા સ્વર્ગવાસી ત્રવાડી જયકૃષ્ણ સારા જ્યોતિષી તેમજ એક સ્પષ્ટવક્તા કવિ હતા. તેમના જોડેલા દુહા કુંડળીયા હજુ પણ જ્ઞાતિમાં પ્રચલિત છે.

કેળવાયેલ બંધુઓ—હવે આપણે જ્ઞાતિના કેળવાયેલા બંધુઓ તરફ નજર ફેરવીએ. પાલીતાણાવાળા ત્રવાડી નીલકંઠ નથ્થુભાઈ પોસ્ટ ખાતાના પેન્શનર છે. ગજાભાઈની વાવડીવાળા ત્રવાડી જયશંકર કલ્યાણજી તથા ત્રવાડી ગૌરીશંકર હીરજી અને રોહીશાળાવાળા ત્રવાડી હરજીવન ભાઇજી જુના સીનીયરો હોઇ કેળવણી ખાતાના પેન્શનરો છે. વળી શિહોરવાળા શુકલ નારાણજી પ્રાણજીવન વસુલાતખાતાના પેન્શનરછે. વળી પાંડરશીંગાવાળા પાઠક કરૂણાશંકર જયશંકર, સાખપુરવાળા ત્રવાડી વિદ્યારામ વસનજી તથા ત્રવાડી નરભેરામ ભીમજી પણ સીનીયર શિક્ષકો છે. બીજા પણ કેટલાક યુવકો શિક્ષકો છે, જે સઘળાની નોંધ લેતાં વિસ્તાર વધી જવાથી અહીંથીજ અટકું છું. શાસ્ત્રીઓમાં શાસ્ત્રી રામકૃષ્ણ હર્ષજી, શાસ્ત્રી જીવરામ જયશંકર, જાની નિર્ભયરામ રણછોડજી, શાસ્ત્રી કરૂણાશંકર પ્રભુજી, શાસ્ત્રી જાદવજી અંબાશંકર અને બીજા કેટલાક ઉછરતા શાસ્ત્રીઓ છે. કેટલાક નવા શાસ્ત્રીઓ પણ તૈયાર થાય છે. ભાગવત ભણેલા એવા પણ આપણી જ્ઞાતિમાં કેટલાક છે, જેમાંના મુખ્ય ભાલવાળા ભટ્ટ અંબાશંકર રૂગનાથજી, પરવાળાવાળા પાઠક અંબાશંકર માધવજી તથા ત્રવાડી લક્ષ્મીરામ માધવજી, ઘેટીવાળા દવે અંબાશંકર જેઠાભાઈ અને ત્રવાડી ગીરધર જેઠાભાઇ, ત્રવાડી રેવાશંકર ગંગાધર, ટીમાણી વેણીરામ જગજીવન, ત્રવાડી વિઠલજી ભાઇજી, પાઠક

ગોપાળજી કાળીદાસ, પાઠક પુરૂષોત્તમ ભવાનીશંકર, પાઠક ગોપાળજી બેલાવાળા, જાની મહાશંકર ભીમજી અને કેટલાક ઉછરતા યુવાનો પણ છે. વૈદ્યો પણ કેટલાક છે, પરંતુ પદ્ધતિસર તે શાસ્ત્ર સાંગોપાંગ રીતે શીખેલા સમર્થ વૈદ્ય કોઇ નથી. ચિત્રવિદ્યા કે શિલ્પવિદ્યા જાણનાર કોઇજ નથી. રેલ્વેખાતામાં રાવળ અંબાશંકર ત્રિભુવન તથા તેમના ચિરંજીવી ગુલાબરાય અંબાશંકર લાઈન ઇન્સ્પેકટરો છે. પાલીતાણાવાળા ત્રવાડી જગજીવનદાસ નીલકંઠ તથા ભાવનગરવાળા પાઠક વીઠલદાસ ગાંડાભાઇ અને પાઠક અમ્રતલાલ ગાંડાભાઇ, રાવળ છગનલાલ પ્રાણશંકર તાર માસ્તરો છે. પાંડરશીંગાવાળા પાઠક પ્રભાશંકર જયશંકર મુંબઈના પોસ્ટખાતામાં છે. પોલીસ ખાતામાં ત્રવાડી ગૌરીશંકર જયશંકર તથા માંડવાવાળા ત્રવાડી લાલજી જાદવજી ફોજદારો છે. ઉમરાળાવાળા સ્વર્ગવાસી ત્રવાડી અંબાશંકરનું કુટુંબ પણ પોલીસ ખાતામાં જોડાયેલું છે. ત્રવાડી શિવશંકર લાલજી, ત્રવાડી ભાઇશંકર વેલજી તથા ત્રવાડી ભવાનીશંકર રાજારામ વીગેરે બંધુઓ પોલીસ પટેલો છે. બીજાં દરબારી પરચુરણ ખાતામાં તળ ભાવનગર તથા પાલીતાણામાં કેટલાક બંધુઓ જોડાયેલા છે. આર્ટ લાઇનમાં ભાવનગરવાળા જાની કાશીરામ અંબાશંકર એકજ ફક્ત બી. એ. થયા છે. એકાદ બે અંડરગ્રેજ્યુએટ અને પાંચ સાત મેટ્રીક થયેલા છે. એલ. એલ. બી કે એમ. એ. કોઈજ નથી. તેમજ બી. એસ. સી. કે એવા બીજા ઇલ્કાબ ધરાવનારા પણ કોઈ નથી. ઇન્ટરમાં બે ત્રણ યુવકો અભ્યાસ કરે છે જેમાંના કરદેજવાળા જાની ગણપતરામ રાજારામ વિચક્ષણ બુદ્ધિના અને હોંશીયારછે. દરેક વર્ષે ઉંચે નંબરે પાસ થઇ મોટી સ્કોલરશીપો તેમણે મેળવી છે. પ્રીવીયસમાં ત્રણ ચાર અને મેટ્રીકમાં પાંચ છ છોકરા છે. ઉચ્ચ કેળવણીએ પહોંચેલાની હજુ જબરી ખોટ છે. એકંદરે અમુક લાઇનનો સાંગોપાંગ પૂર્ણ અભ્યાસ કરેલા અને અમુક ખાતામાં મોટા હોદ્દેદાર થયેલા (બે ચાર જણ બાદ કરીને કહીએ તો) કોઇજ નથી.

જ્ઞાતિની એકંદર સ્થિતિ—હવે આપણે આપણી જ્ઞાતિની એકંદર સ્થિતિ તપાસીએ. શારીરિક સ્થિતિમાં આપણે કાંઇક ઠીક છીએ. આપણે વ્યસન વગરના અને ધંધો કરનારા હોવાથી દુર્ગુણો અને પૈસાને અંગે ઉદ્ભવતા કુછંદોથી દૂર છીએ. આપણો ઘણો ભાગ ગામડામાં વસ્તો હોવાથી શુદ્ધ હવા અને સાદો ખોરાક લેઇ તંદુરસ્ત છે. વૃદ્ધો પણ જ્ઞાતિમાં સારી સંખ્યામાં છે. પરદેશ નીકળતા યુવકોને દેખાદેખીથી ફેશન અને ટીશી-

ચારીને એબ ન લાગે એ માત્ર તપાસવાનું છે. ભવિષ્યની ઉછરતી પ્રજાની શારીરિક કેળવણી પાછળ પુરતું લક્ષ આપવાની જરૂર છે. કારણ કે દીવસે દીવસે માણસો તકલેદી બાંધાના થતા જાય છે. બાળલગ્નથી ઉછરતી પ્રજાનાં શરીર સત્વહીન થતાં જાય છે. માટે એને અટકાવવાં જોઇએ. નાનપણથી ઢીંગલા ઢીંગલી પરણાવી લ્હાવો લઈ બેઉની જીંદગી ધૂળ મેળવવા કરતાં યોગ્ય ઉમરે પરણાવી સંસારનો લ્હાવો લેવાનો રીવાજ થાય તો સારૂં. આર્થિકસ્થિતિમા આપણી જ્ઞાતિ ઘણીજ પછાત છે. લગભગ બધાજ ગરીબ છીએ એમ કહું તો ખોટું નથી. તે સુધારવા અયોગ્ય ખર્ચ ઓછાં કરી આવક વધે એવા ઉપાયો યોજવાની જરૂર છે. ગજું ન હોવા છતાં પ્રસંગપર કરજે કાઢી કરાતી નાણાંની રેલછેલ અટકાવવી જોઇએ. પૈસાદારો ભલે એ બહાને પોતાની શોભા વધારે, પણ એવી બે દિવસની ખોટી શોભા મેળવવા ફાંફાં મારવાં એ સમજુ મનુષ્યનું કામ નથી. બે ચાર દિવસ ચડસાચડસી કરી સેંકડો રૂપિઆ ઉરાડી દેવા કરતાં તેટલી રકમ વિદ્યાફંડમાં વ્યાજે મુકી ઉછરતી પ્રજાની જીંદગી સુધારવા પાછળ તેને ખર્ચવાની હવે ખાસ જરૂર છે. વિદ્યાદાન જેવું સર્વોત્કૃષ્ટ દાન બીજું એક પણ છેજ નહીં. આજકાલનો સુધરેલો વર્ગ મુંબઈના અને અમદાવાદના શ્રીમંતો પોતાની ચલિત લક્ષ્મીનો બહોળો ઉપયોગ બ્રાહ્મણોને લાડુ જમાડવામાં નહીં પણ વિદ્યાદાનમાં કરી દેશની ઉન્નતિ કરે છે. ને તેજ પુન્યનો ખરો રસ્તો છે. જ્ઞાતિની આર્થિકસ્થિતિ તરફ નજર કરતાં રૂંવાટાં ખડાં થઇ જાય છે. કેટલાંક કુટુંબો ઘણીજ ગરીબ સ્થિતિમાં છે. લાડવા જમાડવા કરતાં વિદ્યાનું દાન આપી તેમનો ઉદ્ધાર કરવો એજ પૈસાનો સદુપયોગ છે. જ્ઞાતિની માનસિક સ્થિતિ પણ ઘણીજ નિર્બળ છે. સાંકડાં મન, દ્વેષ, કુસંપ વીગેરે ઉંડા ઘાલી આપણી જ્ઞાતિમાં ઘર કરી બેઠેલાં છે. સાટાં તેખડાં વરવહુના ગુણ, ઉમર તથા સ્વભાવનાં કજોડાં, કેળવણીની અછત, ધંધાથી વિમુખતા અને ગરીબ અવસ્થા આ બધાં કંકાસ અને કલેશનાં ઉત્પાદકો છે. એ બધાંનો નાશ કરવાની જરૂર છે. ખોટી મોટાઇ ને ખોટા તંત મુકી દેવાની જરૂર છે. શહેરમાં વસ્તો ભાગ બખતે કેળવણી લેવા ભાગ્યશાળી થતો હશે, પણ શહેરથી દૂર ગામડામાં વસ્તા બંધુઓને ઇચ્છા છતાં કેળવણી લેવાનું સાધન નથી. આ અડચણ ટાળવા ભાવનગરમાં ગરીબ વિદ્યાર્થીઓને રહેવા જમવાની સવડ માટે એક બોર્ડીંગ હાઉસ સ્થાપવાની ખરી તક આવી પહોંચી છે. જ્ઞાતિ ભોજન માટે દેવું કરવા કરતાં આવા માર્ગે કરેલું દેવું લેખે છે. વળી ગરીબ વિદ્યાર્થીઓને મદદ આપવા મોટું ફંડ એકઠું કરવાની

ખાસ જરૂર છે. આંહી સ્થપાયેલા મંડળે આ હિલચાલો હાથ ધરી છે, પણ બંધુઓએ જોઇએ તેટલા ઉત્સાહથી તે હજુ ઉપાડી લીધી નથી. તેથી ઉછરતા ઝાડને પુરતું પાણી પણ ન મળે ને ઝટ દઇ ફળ ખાવાની આશા રાખીએ તે ક્યાંથી સફળ થાય? તોપણ નાનું ઝાડ કોઈવાર મોટું થશે અને કાળે કરી ફળ ચાખવા વખત પણ આવશે. ધીરજનાં ફળ મીઠાં છે, ધર્મ, ષટ્કર્મ અને આચાર વિચાર પણ જ્ઞાતિમાં જોઇએ તેવો નથી. કેટલાકને આ વાત કબુલ કરતાં હીનસ્પદ જેવું લાગે છે. જો ખરી વાત કબુલ કરતાં શરમ આવતી હોય તો બહેતર છે કે તે ખોટો માર્ગ તજી દઇ ખરો રસ્તો ગ્રહણ કરવો. બંધુઓને ધર્મનું ખરૂ રહસ્ય જાણવામાં આવે તેવી સવડ નથી. બંધુઓ ભલે ગરીબ હોય, કારણ કે ગરીબાઈ તે કાંઇ દુર્ગુણ નથી, પણ બ્રાહ્મણને યોગ્ય શુદ્ધ આચાર અને ષટ્કર્મ પાળવાં તેથી પવિત્રતા વધે છે, મન પ્રફુલ્લ અને ઉચ્ચાભિલાષી થાય છે, સારા સારા વિચાર આવે છે અને એ પ્રમાણે આપોઆપ ઉન્નતિ મેળવાય છે. આ કરવા માટે પૈસાની જરૂર નથી ફક્ત ટેકનુંજ કામ છે. તો આવી વગર પૈસે મેળવવાની સોંઘી ઉન્નતિ સર્વેએ કાં ન લેવી? આપણી જ્ઞાતિમાં કન્યાની અછતનો નથી, પણ ગરીબને મળતાં જરા વાર લાગ છે. પણ જો સામી કન્યા આપવા હોય તો તેને પણ કન્યા આપનાર મળી આવે છે. કન્યા આપતાં ઘર નહીં પણ વર જોવો. મુરતીઓ સામી કન્યા આપી શકે તેમ છે કે કેમ તે જોવા કરતાં તે ગુજરાન ચલાવી શકે તેમ છે કે કેમ, કાંઈ ભણેલો કે હોંશીયાર છે કે કેમ, તે જોવાય તો વધારે સારૂં. સર્વથી ઉત્તમ રસ્તો તો સારૂં ઠેકાણું જોઈ ચાંલ્લે કન્યા આપવી તેજ છે. આ રીવાજ જો છુટથી પ્રચલિત થાય તો જ્ઞાતિની ઝટ ઉન્નતિ થાય. પૈસા લઇ કન્યા આપવી એતો જેમ ઢોર વેચીએ તેમજ આપણી દીકરી કે બ્હેનને વેચીએ છીએ. ને તે એક રીતે જોતાં માણસ વેચવાનો ચોખ્ખો વેપારજ આપણે કરીએ છીએ. ઠેકાણું સારૂં ન નીવડે તો આખી જીંદગીભર છોડી આંસુડાં લુએ છે અને ખાડામાં નાખનાર તેમનાં વાલેશરી માબાપને અસંખ્ય શ્રાપો આપે છે. આ રિવાજ જેમ બને તેમ બંધ થવો જોઇએ. આપણી જ્ઞાતિમાં વિધવાઓને જીવન નિભાવવા કાંઈજ આધાર હોતો નથી, તેને બીચારીને આખી જીંદગી પશુની પેઠે વૈતરૂં કરી મહા પ્રયાસે પેટ ભરવુ પડે છે. તેમાં પણ તે જો બચરવાળ હોય તો પેટ ભરવાનાં પણ સાંસાં પડે છે. માટે અબોલ વિધવાઓની વેદના લક્ષમાં લઈ તેમના નિભાવ માટે કન્યાના રૂપિઆ બાપ લઇ ખીસ્સામાં મુકે છે તેના કરતાં તેના પલ્લા તરીકે કન્યાનાજ નામે

ત્રીજે ઠેકાણે અનામત વ્યાજે મુકવાનો રીવાજ થાય તો આવે વખતે તે કોઇની ઓશીયાળી રહે નહીં.

ગુજરાતની જોડે સરખામણી—પ્રિય વાચક બંધુ ! આ પ્રમાણે આપણી જ્ઞાતિના નાનકડા જથ્થાનો ઉપસંહાર છે. મોઢ છ પ્રકારના છે. ત્રિવેદી, ચાતુરવેદી, જેઠીમલ્લ, તાંદલજા, અગ્યારશા અને ધીણોજા—આ બધી જાતો ગુજરાતના પ્રદેશોમાં વસે છે. આપણે પણ મુળ ગુજરાતનાજ રહીશ હતા, તેમ આપણી અટકો પરથી સ્પષ્ટ જણાઇ આવે છે. કાળે કરી આપણે કાઠીયાવાડમાં આવી રહ્યા. કચ્છમાં પણ આપણી જ્ઞાતિ છે. ગુજરાતમાં—ચરોતરમાં, કપડવણજ, પીહીજ, વાડાશીનોર, પેટલાદ, વડોદરા, વીગેરે, દસક્રોશીમાં—અમદાવાદ, સરખેજ વીગેરે, છપ્પનમાં મહી નદીના કાંઠાનો કાનમ નામનો કહેવાતા મુલકમાં તેમજ સુરત અઠાવીશી એટલે સુરત જીલ્લાના અસંખ્ય નાનાં ગામડાઓમાં આપણી જથ્થાબંધ અને છુટક પુષ્કળ વસ્તી છે. તેની આગળ આપણી જ્ઞાતતો એક બિંદુ માત્ર છે. કાઠીયાવાડમાં પણ ખીજડીયા સમવાય, અગ્યાસણા સમવાય, હાલારી સમવાય, ધીણોજા અને રાજગોર વીગેરે કેટલાક નાના નાના સમવાય અગર ગોળ છે. તેની તેટલીજ હદમાં કન્યા વ્યવહાર થઈ શકે છે. આ પ્રતિબંધો અડચણ કર્તા છે. જેઓ આચાર વિચારમાં આપણી બરાબરીમાં હોય તેવા જોડે જોડાઈ જઇ નાના ગોળને મોટું સ્વરૂપ આપવા કાંઇ હરકત હોય તેમ જણાતું નથી. દાખલા તરીકે ગુજરાતવાળા આપણા બંધુઓ જોડે આપણે કન્યા વ્યવહાર કરીએ તો ઘણોજ ફાયદાકારક અને આશિર્વાદ રૂપ છે પણ તે સર્વની મરજી હોય ત્યારે બને તેમ છે.

છેવટ સાર—આ ઉપરથી માખણ રૂપે સાર એ કાઢવાનો છે કે, જ્ઞાતિની જેમ ઉન્નતિ થાય તેવા ઉપાયો યોજવા. ઘણાં વર્ષોથી પેઠેલો સડો કાઢતાં પણ વખત ઘણો લાગશે. પરંતુ તે બધું જાગીને જોવાની તો હવે ખાસ જરૂર છે. જ્ઞાતિના રીતરીવાજોને વખતને અનુસરતું રૂપ આપવાની પણ જરૂર છે. આપણાથી સારી કેળવાયેલી જ્ઞાતિઓનું અનુકરણ કરવું જોઇએ. આપણું તેજ સારૂં અને જુનું કાઢી નાખી નવું નજ ગ્રહણ કરાય એ મમત હવે સત્ત્વ વગરનો છે. જ્ઞાતિની આગળ પાછળ વીંટળાયેલાં અંધારાનાં ગાઢાં પડો ભેદવા "મોઢ માર્તંડ" જેવા માસિકની ખાસ જરૂર છે. તે દ્વારા એકાદ બે વર્ષો જ્યારે સારો ઉહાપોહ થશે ત્યારે બધા

બંધુઓનું લક્ષ ખેંચાશે. પ્રતિવર્ષે જ્ઞાતિની કોન્ફરન્સ મેળવી રીતરીવાજો અને ધારા પણ બદલવા જોઇએ. ખોટાં ખર્ચ, કન્યાવિક્રય, સાટાં તેખડાં, આચાર, વિમુખતા વીગેરે બાબતોને તજી કેળવણી, સંપ, સ્નેહ, કર્મનીષ્ટા અને ઉન્નતિ ગ્રહણ કરવી જોઇએ. જ્ઞાતિના આગેવાનોએ આ વાત લક્ષમાં લઇ વિચાર ચલાવવાની ખાસ જરૂર છે, તેમની તે દૈવી ફરજ છે. સર્વ આગેવાનોનો પણ મહાન આગેવાન, સર્વનો અંતર્યામી અને સર્વશક્તિમાન પ્રભુ સર્વેને સન્મતિ આપી સન્માર્ગે પ્રેરે, અને અનેક વર્ષોથી દુઃખમાં ટીજરાતી મારી રંક જ્ઞાતિ આબાદ, સમૃદ્ધિવાન, કેળવાયેલ, બુદ્ધિશાળી, પવિત્ર, અને ઉચ્ચાભિલાષી બનો એજ મારી અંતરની ઉમેદ છે, જે પરમાત્મા પાર લાવો. અસ્તુ.

મુંબઇ,
તા. ૨૬–૨–૧૩.

પ્રભાશંકર જયશંકર પાઠક.

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत् ॥

જ્ઞાતિની ઉન્નતિના માર્ગ.

વસંતતિલકા.

જો સ્નેહથી સતત સંતતિ કેળવાય, જ્ઞાનાંજને હૃદય ચક્ષુ જ ઉઘડાય;
સંસારની પ્રગતિ સાથ જ જો જવાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૧

આચાર શુદ્ધિ કદિ ખંતથી જો પળાય, હેતે હમેશ ષટકર્મ વળી કરાય;
જો દેહનો બહિર અંતર ઉજ્વલાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૨

કન્યા તણો વિક્રય જો કદિ બંધ થાય, શાસ્ત્રોક્ત રીતથી વળી દુહિતા અપાય;
મિષ્ટાન્નને સ્વરુચિ પ્રીતિ અરુચિ થાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૩

રોવા વળી નબક લાગ વરા ન થાય, કાકા જ ખોટમ તણાં ખમ ના ભરાય;
નાણાં તણો દુરુપયોગ કમી કરાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૪

આચાર નીચ શિશુ હાલ દિસે ઘટાય, રે'વા વળી જમણ માટ જગા સ્થપાય;
વિદ્યાર્થીને મદદ માટ જ ફંડ થાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૫

હોળીથી ગાળ વચનો કદિ બંધ થાય, કોડે વળી નિયમ કંકુ જ ના કરાય;
શિક્ષાને પરિ રૂપે સ્મૃતિ યાદ થાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૬

જો સાંકડા દિલ મટી જ ઉદાર થાય, સૌનું ભલું કરવું એ દિલજ વૃત્તિ થાય;
મોટાઈ ખોટી વળી ટેવ જ દૂર થાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૭

પ્રાંતે ભજન સાદગથી કરાય, ઉદ્યમે વિપુલ લક્ષ્મી જ મેળવાય;
ઈશ્વર વળી વિનતિ પ્રાતથી જો સુણાય, જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય. ૮

મુંબઈ.
તા ૩૦-૪-૧૩.

પ્રભાશંકર જયશંકર પાઠક.